


# એન્ટ્રી ફોર્મ

**આયોજનઃ હિન્દુ તળપદા કોળી પટેલ ક્રિકેટ ટુર્નામેન્ટ કમિટી**

ફૉર્મ નંઃ

આથી ..............................................................ક્રિકેટ ક્લબ, ગામ ..........................તાલુકો ..........................
કમ્યુનીટી કપ (સીઝન-૧)ની ચાલુ વર્ષ ૨૦૧૮ની ટુર્નામેન્ટમાં મારી ટીમની એન્ટ્રી સાથે રૂા. ૫,૦૦૦/- અંકે રૂપિયા પાંચ હજાર (રોકડા) પુરા આપુ છું. આ ટુર્નામેન્ટના જે તે નિયમો વાંચી સમજી વિચારીને તેનું પાલન કરવાની ખાત્રી સાથે કોઈપણ જાતના દબાણ વગર સંમતિ આપીએ છીએ.

કેપ્ટનનું નામ:..............................................................................

નાણાં લેનારની સહી

| ક્રમ | ખેલાડીનું નામ | ટી-શર્ટ સાઈઝ | હાલનું સરનામું | મોબાઈલ નંબર | ફોટો |
|---|---|---|---|---|---|
| ૧ | | | | | |
| ૨ | | | | | |
| ૩ | | | | | |
| ૪ | | | | | |
| ૫ | | | | | |
| ૬ | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭ | | | | | |
| ૮ | | | | | |
| ૯ | | | | | |
| ૧૦ | | | | | |
| ૧૧ | | | | | |
| ૧૨ | | | | | |
| ૧૩ | | | | | |
| ૧૪ | | | | | |
| ૧૫ | | | | | |
| ૧૬ | | | | | |

## નિયમો

તારીખ:

ફૉર્મ નં:

**દિયા ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ઈન્સ્યુરન્સ પુરસ્કૃત** કમ્યુનીટી કપ-સીઝન ૧ માટે સહભાગી થવા આપની ટીમ........................................................................................તથા તેના પ્રતિનિધિ શ્રી..............................................................તરફથી અંકે રૂ.૫,૦૦૦/- મળ્યા છે.

**આયોજન:**
**હિન્દુ તળપદા કોળી પટેલ ક્રિકેટ ટુર્નામેન્ટ કમિટી**

નાણાં લેનારની સહી

**૦૧** આ ટુર્નામેન્ટ સામાન્ય ટી-૨૦ ના નિયમો મુજબ રમાડવામાં આવશે જેમા અડાજણ, કતારગામ, ઓલપાડ, મજુરા અને ચોર્યાસી તાલુકામાં સમાવેશ થતા ગામોની કુલ ૬૪ ટીમો (વહેલો તે પહેલોના ધોરણે) ભાગ લઈ શકશે.

**૦૨** દરેક ગામ દીઠ એકજ-(૧) ટીમને એન્ટ્રી આપવામાં આવશે. કોઈ પણ ગામની શરતચૂકથી એકથી વધુ એન્ટ્રી આવશે તો પ્રથમ એન્ટ્રી જ માન્ય ગણાશે.

**૦૩** દરેક ટીમો માટે ગામ રેવન્યુ રેકોર્ડ મુજબ ગણાશે.

**૦૪** દરેક ટીમો માટે વિસ્તાર બાબતે જે તે ગામનો રેવન્યુ રેકર્ડ માન્ય ગણાશે તે બાબતે કોઈ વિસંગતતા ઉભી થાય તો ટુર્નામેન્ટ કમિટીએ નિમેલી વિસ્તાર બાબતની કમિટી યોગ્ય માર્ગદર્શન આપશે તેમજ તેઓનો નિર્ણય આખરી અને તમામને બંધનકર્તા રહેશે.

**૦૫** આ ટુર્નામેન્ટમાં જે તે ગામના જ કોઈપણ સમાજના ખેલાડી જ્ઞાતિ કે ધર્મના ભેદભાવ વગર રમી શકશે.

**૦૬** આ ટુર્નામેન્ટના ફોર્મમાં ૧૬ ખેલાડીઓના નામની વિગત સાથે દરેકનો તાજેતરનો ફોટોગ્રાફ તથા સરનામા પ્રુફ તેમજ એલીજીબીલીટી બાબતે (વોટીંગ કાર્ડ, આધારકાર્ડ, પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાયસન્સ, રેશન કાર્ડ) પૈકી કોઈપણ બે ફરજીયાત આપવાના રહેશે. ઉપરોક્ત તમામ પૂરાવાઓ જરૂર જણાય ઓરીજીનલ રજુ કરવાના રહેશે. જે ખેલાડીના નામ યાદીમાં હશે તે ખેલાડી જ જેતે ટીમ વતી રમી શકશે.

**૦૭** ભાગ લેવા ઈચ્છુક ટીમ દ્વારા એન્ટ્રી અંગેની ફાઈલ, ફોટા તથા પુરાવા સહીત તૈયાર કરી તા.   /   /૨૦૧૮ સુધી સવારે ૧૧:૦૦ થી સાંજે ૫:૦૦ કલાક દરમ્યાન જમા કરાવવાની રહેશે. અધુરી વિગતો / માહિતી સાથેના એન્ટ્રી ફોર્મ સ્વીકારવામાં આવશે નહી, વહેલા તે પહેલાના ધોરણે ફક્ત ૬૪ ટીમોને એન્ટ્રી આપવામાં આવશે.

**૦૮** મેચમાં ક્રિકેટ યુનિફોર્મ ફરજીયાત પહેરવાનો રહેશે. જેમા ફક્ત સફેદ યુનિફોર્મ માન્ય ગણાશે. જેમા ટુર્નામેન્ટ ઓર્ગનાઈઝર તરફથી ખેલાડી દીઠ સફેદ ટી-શર્ટ અને કેપ આપવામાં આવશે. જે ફરજીયાત પહેરવાના રહેશે. અન્યથા દંડ રૂ. ૧૦૦/- ખેલાડી દીઠ ફરજીયાત આપવાના રહેશે. અન્ય કોઈપણ લોગો/સ્પોન્સર્સનો યુનિફોર્મ આ ટુર્નામેન્ટમાં પહેરી શકાશે નહિ.

**૦૯** આ ટુર્નામેન્ટના રાઉન્ડ કમિટિ નક્કી કરે તે તારીખે અને સમયે નક્કી કરેલા ગ્રાઉન્ડ પર રમવાનું રહેશે.

**૧૦** ટર્ફ વિકેટ પર રમાનાર આ ટુર્નામેન્ટ ૨૦ ઓવરની રહેશે. એક બોલર ૪ ઓવર નાખી શકશે. ૬ ઓવરના ફિલ્ડ રીસ્ટ્રીક્શન દરમ્યાન સર્કલ બહાર બે ખેલાડી રાખી શકાશે. ૬ ઓવર બાદ વિકેટ કિપર અને બોલર સિવાય ચાર ખેલાડી સર્કલમાં ફરજીયાત રહેશે.

**૧૧** અમ્પાયરનો નિર્ણય અંતિમ અને તમામને બંધનકર્તા રહેશે, જે દરેક ખેલાડીઓ અને ટીમો એ માન્ય રાખવાનો રહેશે.

**૧૨** ચાલુ મેચ દરમ્યાન ઓન ફિલ્ડ અમ્પાયર જે નિર્ણય આપે તેનો દરેકે સ્વીકાર કરવાનો રહેશે. આ બાબતે ગ્રાઉન્ડ પર કોઈ પણ જાતની દલીલ કે અપશબ્દ બોલવા નહી. શિસ્તનું ચુસ્તપણે પાલન કરવાનું કહેશે અને જો કોઈપણ ખેલાડી આ નિયમની વિરૂધ્ધ જશે. તો ટુર્નામેન્ટ કમિટિ જે શિસ્તભંગના પગલાં લેશે તે ટીમના કેપ્ટન તથા ટીમના દરેક ખેલાડીઓને બંધન કર્તા રહેશે.

**૧૩** આ ટુર્નામેન્ટમાં બોલર માટે લીગલ બોલીંગ એક્શન જ માન્ય રહેશે. થ્રો બોલિંગ ચાલી શકશે નહિ, જે બાબતે ઓનફીલ્ડ અમ્પાયર/મેચ રેફરી અથવા ટુર્નામેન્ટ કમિટીના ઓબ્ઝર્વરનો નિર્ણય આખરી ગણાશે. દરેક ટીમે/કેપ્ટને તાકીદે કોઈપણ જાતની દલીલ વિના તેનો અમલ કરવાનો રહેશે.

**૧૪** ટુર્નામેન્ટમાં મેચ દરમ્યાન કોઈપણ જાતનો વાદ-વિવાદ થાય તો પણ કોઈપણ સંજોગોમાં મેચ ચાલુ રાખી પૂરી કરવાની રહેશે. ટીમે મેચ પુરી થાય પછી એક કલાકમાં એટલે કે સવારની મેચ વાળી ટીમે બપોરે ૧:૦૦ કલાક સુધીમાં અને બપોરની મેચ વાળી ટીમે સાંજે ૫:૦૦ કલાક સુધીમાં પોતાની લેખિત ફરીયાદ તથા રૂ. ૨,૦૦૦/- પ્રોટેસ્ટ ફી તરીકે જમા કરાવવાના રહેશે. જો નિર્ણય ફરીયાદી ટીમની તરફેણમાં આવશે તો જ તેની ફી પરત કરવામાં આવશે. નહી તો ફી જપ્ત કરવામાં આવશે.

**૧૫** આ ટુર્નામેન્ટ દરમ્યાન વહીવટી નિર્ણયો કે અમ્પાયરના નિર્ણયોને પોલીસ કે કોર્ટ કચેરીમાં પડકારી શકાશે નહી.

**૧૬** આ ટુર્નામેન્ટ માટે જે પણ નિર્ણય ટુર્નામેન્ટ કમિટિ કરે તે દરેક ટીમને તથા દરેક ખેલાડીને બંધન કર્તા રહેશે.

**૧૭** મેચ દરમ્યાન બોલ તથા અમ્પાયર ફી ટુર્નામેન્ટ કમિટિ તરફથી આપવામાં આવશે. આ ટુર્નામેન્ટ લાલ રંગ વાળા બોલથી રમાડવામાં આવશે.

**૧૮** મેચ પુરી થયા બાદ મેચનો બોલ અમ્પાયર અથવા ટુર્નામેન્ટ કમિટિ મેમ્બરને પરત કરવાનો રહેશે.

**૧૯** આ ટુર્નામેન્ટ નોક આઉટ ધોરણે રમાશે. (સેમીફાઈનલ્સ તથા ફાઈનલ મેચ રાત્રી પ્રકાશમાં રમાડવાનું વિચારાધીન છે.)

**૨૦** આ ટુર્નામેન્ટમાં એક દિવસમાં બે મેચ રમાડવામાં આવશે. પહેલી મેચનો સમય સવારના ૯:૦૦ કલાક તથા બીજી મેચનો સમય બપોરે ૧:૦૦ કલાકનો રહેશે. પરંતુ બન્ને ટીમોએ અડધો કલાક પહેલા આવવાનું રહેશે. મોડી આવનાર ટીમ જેટલો સમય મોડી આવશે તેને ૪(ચાર) મિનિટની એક ઓવર લેખે પેનલ્ટી લાગશે. આ નિર્ણય ઓન ફિલ્ડ અમ્પાયર્સ લેશે. ૨૦ ઓવર ૯૦ મિનિટમાં પુરી કરવાની રહેશે.

**૨૧** ટીમ અથવા ખેલાડીઓનું અશિસ્ત કોઈપણ સંજોગોમાં ચલાવી લેવામાં આવશે નહી. આયોજકો, ઓબ્ઝર્વર અથવા અમ્પાયર્સના ધ્યાનમાં આવશે તો જે તે ખેલાડી અથવા ટીમને ટુર્નામેન્ટમાંથી કાયમી ધોરણે બહાર કરી દેવાશે. મેચ દરમ્યાન સમગ્ર ટીમની અને તમામ બાબતોની જવાબદારી કેપ્ટનની રહેશે. શિસ્તભંગ માલુમ પડશે તો આખી ટીમ (નોંધાયેલા તમામ સભ્યો) આગામી એક વર્ષ કે તેથી વધુ સમય માટે સસ્પેન્ડ થશે. મેચ દરમ્યાન પાન-માવા, ગુટખા, મદીરા તથા ધુમ્રપાન સંપૂર્ણ નિષેધ રહેશે.

**૨૨** મેચ ટાઈ થાય તે સંજોગોમાં પાવર ઓવર રમાડવામાં આવશે. તેમા પણ સ્કોર સરખો થાય તો સિક્કો ઉછાળી પરિણામ નક્કી થશે.

**૨૩** દરેક ટીમે સાધનો, ક્રિકેટ કીટ પોતાની લાવવાની રહેશે.

**૨૪** તમામ નિયમોનુ અર્થઘટન તથા પરિસ્થિતિનું અવલોકન કરી નિર્ણય લેવાની સત્તા ટુર્નામેન્ટ કમિટિને રહેશે જે તમામને બંધનકર્તા રહેશે.

**૨૫** કોઈપણ ટીમને એન્ટ્રી આપવી કે નહી તેનો અધિકાર ટુર્નામેન્ટ કમિટિને આબાધિત છે જે અંગે કોઈપણ પ્રકારના કારણો કે ખુલાસો આપવા કમિટિ બંધાયેલી નથી.

**૨૬** વખતોવખત જે કોઈપણ નિયમોમાં બદલાવ ટુર્નામેન્ટ કમિટિ કરશે તે તમામ ટીમ, કેપ્ટન તથા ખેલાડીઓને બંધનકર્તા રહેશે. અનિવાર્ય સંજોગોને કારણે ટુર્નામેન્ટ સ્થગિત કે રદ કરવાનો, સ્થળ, સમય વિગેરે બદલવાનો અધિકાર ટુર્નામેન્ટ કમિટિને રહેશે.

**૨૭** આ ટુર્નામેન્ટ અઠવાડિયાના કોઈપણ દિવસે ફરજીયાત રમવાનું રહેશે.

**૨૮** આ ટુર્નામેન્ટમાં વાઈલ્ડ કાર્ડ થી ચાર(૪) ટીમને એન્ટ્રી આપવામાં આવશે.

**એન્ટ્રી સ્વીકારવાનું સરનામું:**
**આર્ટ પોઈન્ટ કમ્પ્યુટર, એલ-૭, લક્ષ્મી દર્શન કોમ્પ્લેક્ષ, પટેલ પાર્કની પાસે, તાડવાડી, રાંદેર રોડ, સુરત. ■ દિપકભાઈ પટેલ - મો. ૯૮૨૫૨૯૭૦૮૨**

EPICDESIGNS